# શહેરમાં બર્ડફલ્યુની દહેશત

## સે-૩ના ઝાડી વિસ્તારમાંથી ૪ મૃત મરઘા મળી આવતા ફફડાટ



ગાંધીનગર તા ૨૫

ઘ-૦ પાસે સે-૩ ના ઝાડી વિસ્તારમાં છેલ્લા ૨૦ દિવસમાં ૨૪ મરઘાનુ શંકાસ્પદ મૃત્યુ થયુ હોવાનુ પ્રકાશમાં આવતા ફફડાટ વ્યાપી ગયો છે. કોરોનાના વધતા સંક્રમણમાં બર્ડ ફલુની દહેશત સ્થળ પર પહોંચ્યા હતા જયારે તપાસ દરમિયાન સ્થાનિક મહીલાના જણાંવ્યા મુજબ આ ઠેકાણે બે સપ્તાહ અગાઉ પણ ૨૦ મરઘા મરી ગયા હોવાની હકીકત ધ્યાને આવી હતી. સમગ્ર ઘટનાની પ્રાપ્ય વિગત અનુસાર સે-૩ ન્યુ વિસ્તારમાં ૨૪ મરઘા ટપોટપ મરી જતા ઝુંપડાવાસીઓએ ૨૦ મરઘા જમીનમાં દાટી દીધા છે. જેમાંથી ચાર મરઘાનો નિકાલ થયો ન હતો. બે દિવસમાં ૨૪ મરઘા મૃત્યુ પામ્યા હોવાનુ પ્રકાશમાં આવતા સ્થાનિક રહીશોમાં પણ ફફડાટ વ્યાપી ગયો ફલુથી અજાણ આ મહીલાએ અત્યાર સુધી સંબંધિત તંત્રને જાણ કરી નથી.

જયારે અન્ય મરઘાની જેમ આ મૃત ૪ મરઘાને પણ દાટી દેવાના હતા જયારે આ મૃત મરઘાની નજીકમાં જ મટન ચિકનનુ વેચાણ થાય છે. રખડતા કુતરાઓનો પણ આ ઠેકાણે અડ્ડો છે. બનાવની જાણ થતા વોર્ડ નં -૮ ના સેનેટરી ઈન્સ્પેકટર યોગેશગીરી ગોસ્વામી, ફોરેસ્ટર પિનાકીન ગોસ્વામી તેમજ ઉર્જા રેન્જ બીટના વનરક્ષક તેમજ ચોકીદાર અભેસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા તેમના દ્વારા આ વિસ્તારમાં દાટી દેવાયેલા મરઘા વિશે આશાબેનની પુછતાછ કરવામાં આવી હતી.

**કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે બર્ડ ફલુની આફત મંડરાઇ : છેલ્લા ૨૦ દિવસમાં ૨૪ મરઘાના શંકાસ્પદ મોત નિપજ્યા : ૧૫ દિવસ અગાઉ પણ ૨૦ મૃત મરઘા જમીનમાં દાટી દેવાયા : મૃત મરઘાના સમાચાર મળતા જ વનવિભાગ , આરોગ્ય તંત્રની ટીમ દોડતી થઇ**

વચ્ચે મરઘાના મોત સામે અનેક સવાલો મંડરાયા છે. આજે આ વિસ્તારમાંથી ચાર મરઘા મૃત મળી આવતા વનતંત્ર અને આરોગ્ય તંત્રની ટીમ પણ દોડતી થઇ હતી. આ વિસ્તારમાં મરઘા ઉછેરતી મહીલાના જણાંવ્યા મુજબ બે સપ્તાહ અગાઉ અન્ય ૨૦ મરઘા મૃત્યુ પામતા જમીનમાં દાટી દેવાયા છે. આ સઘળી વિગતના અંતે મૃત મરઘાના સેમ્પલ મેળવી આગળ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઘ-૦ પાસે સે-૩ ન્યુ પાછળના વિસ્તારમાંથી આજે ચાર મરેલા મરઘા મળી આવતા બર્ડ ફલયુની દહેશત વચ્ચે વનતંત્ર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ પાછળ રોડની સાઈડ નજીક મરેલા મરઘા પડયા હોવાની જાણ ગત રાત્રિના ફોન મારફતે વનતંત્રને કરવામાં આવી હતી. જેના પગલે આજે સવારે વનતંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી જયાં સ્થળ પર મરેલી હાલતમાં પાંચ મોટા મરઘા મળી આવતા આ અંગે વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લા કલેકટરને પણ જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પશુપાલન, આરોગ્યની ટીમને જાણ કરવામાં આવી બર્ડ ફલુની દહેશત વચ્ચે ગાંધીનગરના ઘ-૦ પાસે આવેલા જંગલ વિસ્તારમાં ૨૪ મરઘા શંકાસ્પદ રીતે છેલ્લા ૨૦ દિવસમાં મૃત્યુ પામ્યાહોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. ઝાડી છે. કોરોનાના સંક્રમણ વચ્ચે બર્ડ ફલુયના લીધે નવી આફત માથે મંડરાઈ છે. નગરના ઉર્જા રેન્જ કોબા આર્યુવેદિક બીટના વિસ્તારમાં સ્થિત જંગલ વિસ્તારમાં ચાર મરઘા મૃત હાલતમાં મળ્યા હતા જયારે સ્થળ તપાસ દરમિયાન આ મૃત ચાર મરઘા આશાબેન પટણીના હોવાનુ ધ્યાને આવ્યુ છે.

જયારે ચોંકવનારી બાબત એ ધ્યાને આવી હતી કે કુતરાઓ મૃત મરઘાની આસપાસ પણ ફરકતા નથી. આ સમગ્ર મામલે પ્રાથમિક પુછતાછના અંતે ધ્યાને આવ્યુ હતુ કે આશાબેન ઘણાં સમયથી મરઘા ઉછેરી રહ્યા છે. જયારે છેલ્લા ત્રણ સપ્તાહના ટુંકા ગાળામાં જ ૨૦ મરઘાના મોત થયા છે. પરંતુ બર્ડ

## નગરની નોનવેજ અને ઈંડાની લારીની તપાસ થશે

નગરમાં બર્ડ ફલુની દહેશત વચ્ચે સે-૩ ના ઝાડી વિસ્તારમાંથી મૃત મરઘા મળી આવતા સેકટરવાસીઓમાં ફફડાટ પ્રવર્તયો છે. બીજીતરફ આ ઘટનાના પગલે ઘ-૧ થી ઘ-૦ , ઈન્ફોસિટી વિસ્તાર, રિલાયન્સ ચાર રસ્તા સહીતના વિસ્તારમાં નોનવેજ તેમજ ઈંડાની લારી ઉપરાંત હોટલોમાં સઘન ચેકીંગ હાથ ધરાયુ છે. જયારે આ દરમિયાન બિમાર મરઘા મળી આવે તેમજ શંકાસ્પદ હાલતમાં મૃત્યુ પામે તો તાત્કાલિક જાણ કરવા માટે કડક સુચના પણ આપવામાં આવી હોવાનુ વિભાગના સુત્રોએ જણાંવ્યુ છે.

### મૃત મરઘાના સેમ્પલ તપાસ માટે લઈ જવાયા

પશુપાલન તેમજ આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. સે-૩ એ ન્યુના પ્રમુખ જયેશ આગ્જાએ જણાંવ્યુ હતુ કે ૨૪ મરઘાના શંકાસ્પદ રીતો મૃત્યુ થયા છે તે બાબત ગાંધીનગરવાસીઓ માટે ગંભીર છે. કોર્પોરેશનના આરોગ્ય અધિકારી કલ્પેશ ગોસ્વામીને પણ આ અંગે જાણ કરતા તપાસ માટે ટીમ કામે લાગી છે. બર્ડ ફલુની શંકાના પગલે મૃત મરઘાના જરૂરી સેમ્પલ પણ તપાસ માટે લઈ જવાયા છે.

# આજે સાંજથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત પડી જશે

**મતદાન થાય તે માટે બન્ને પક્ષો દ્વારા બુથ મેનેજમેન્ટ સાથે અલગથી વ્યુહરચના તૈયાર કરી : જાહેર પ્રચારમાં બન્ને પક્ષોના નેતાઓની છેલ્લી ઘડી સુધી દોડધામ**

ગાંધીનગર, તા. ૨૫

રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે સાંજે પાંચ વાગે પ્રચાર પડઘમ શાંત થઈ જશે. આ ચૂંટણીમાં જાહેર પ્રચારમાં ડી.જે.ના તાલે ફરતી રિક્ષાઓ અને વાહનો મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર વધુ બની હતી.

આ ચૂંટણીમાં જાહેર પ્રચાર માટે કોંગ્રેસ તરફથી બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, કામિનીબા રાઠોડ, સુરેશભાઈ પટેલ, જગદીશભાઈ ઠાકોર, નિમિશ શાહે કમાન સંભાળી હતી તો ભાજપમાંથી સાંસદ હસમુખભાઈ પટેલ, નિરીક્ષકો બળવંતસિંહ રાજપૂત, હર્ષદભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ નૌલેશ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલા, કિસાન મોરચાના હિતેન્દ્રભાઈ પટેલ, સાંસદ જુગલજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, યોગેશભાઈ ગઢવી, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, ડી.ડી. પટેલ, જે.એસ. પટેલ, અનિલભાઈ પટેલે પણ જિલ્લાના ગામડાઓમાં પ્રચાર અભિયાન કર્યુ હતુ.

કોંગ્રેસ પક્ષ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાનને અગ્રતા આપવામાં આવી હતી આ ઉપરાંત ચૂંટણીઓ જાહેર થઈ તે પૂર્વે ખેડૂતો સાથે ખાટલા પરિષદો અને સંવાદના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં પ્રચાર અભિયાનમાં ગૃપ બેઠકોનો દોર બહુ ચાલ્યો. આ ઉપરાંત બન્ને પક્ષોએ ચૂંટણીઓની જાહેરાત પહેલાં અને પછી નાના સમૂહોના સંમેલનો અને બેઠકો કરી હતી.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠક માટે ૬૧ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. જો કે બન્ને પક્ષો દ્વારા વિજયના દાવાઓ વચ્ચે મેદાનમાં રહેલા અપક્ષો અને અન્ય પક્ષોના ઉમેદવારો કોના મત તોડશે એટલુ જ નહિ એકાદ બેઠક પર વિજય હાંસલ કરે તો પણ નવાઈ જેવુ નહિ લાગે.

જિલ્લામાં બન્ને પક્ષો દ્વારા મિત્રમંડળની રાજનીતિ ખેલવામાં આવી છે. કોની રાજનીતિ સફળ થઈ તે તો સમય જ કહેશે. જો કે ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારી પત્રો ભરાઈ ગયા પછી પણ બન્ને પક્ષોમાં ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરાઈ હતી.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો પૈકી ૧૮ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થશે તેથી આ વખતના પરિણામોને લઈ પણ શરતોના બજારમાં અત્યારથી જ ગરમી જોવા મળી રહી છે.

શહેરી વિસ્તારમાં થયેલા ઓછા મતદાન પછી બન્ને પક્ષો દ્વારા મતદાન વધુ થાય તે માટે અલગથી વ્યુહરચનાઓ તૈયાર કરવા સાથે બુથ મેનેજમેન્ટ પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

# શહેરના ઉભા માર્ગો વચાળે સ્થિત સેન્ટ્લ વર્જને નિખારવા પ્રબળ માંગ

**રોડ નં - ૧ થી ૫ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જને નયનરમ્ય બનાવવા માટે કોઇ આયોજન કરવામાં આવતુ નથી**

ગાંધીનગર તા ૨૫

શહેરના રોડ નં - ૧ થી ૫ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જને વિકસાવવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી સર્કલ ટુ સર્કલ જોડાયેલા આ માર્ગો આસપાસ ફુટપાથ પણ તુટેલી હાલતમાં છે. ગાબડાગ્રસ્ત ફુટપાથ નજીક સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણો અને કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. ત્યારે ઉભા માર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જનો નઝારો નયનરમ્ય બનાવવા માટે પણ માગણી ઉઠવા પામી છે.

શહેરના ઉભા માર્ગો પરના સેન્ટ્રલ વર્જમાં બ્યુટીફિકેશનના નામે મીંડુ છે. શહેરના રોડ નં - ૧ થી ૫ માં માર્ગ વચાળે સ્થિત ડિવાઈડરની ખાલી જગ્યામાં પ્લાન્ટેશન કે અન્ય પ્રકારનુ બ્યુટીફિકેશન કરવામાં આવ્યુ નથી જેના લીધે સેન્ટ્રલ વર્જ કંગાળ હાલતમાં જોવા મળે છે. નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં નવા પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવે છે જેથી રંગબેરંગી ફુલો નિખરતા સેન્ટ્લવર્જ નિખરે છે. પરંતુ નગરના ગ-૨ થી ઘ-૨ સહીત

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડ માટે તંત્ર એક્શન મોડમાં

**બીજા રાઉન્ડમાં ૬૦ થી વધુ વયના લોકો અને ૪૫ થી ૬૦ વયજૂથના કો.મોર્બિડ વ્યક્તીઓને આવરી લેવાશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં ૧લી માર્ચથી કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડની તૈયારીઓ અને આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

મળતી વિગતો મુજબ હેલ્થ વર્કરોનું વેક્સીનેશન સંપન્ન થઈ ગયુ છે તો ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન ૫ મી માર્ચ સુધીમાં સંપન્ન કરી દેવામાં આવશે.

૧લી માર્ચથી ૬૦ થી વધુ વય ધરાવતા અને ૪૫ થી ૬૦ વર્ષની વયના કો.મોર્બિડ વ્યક્તીઓનું વેક્સીનેશન હાથ ધરવામાં આવનાર છે. આ માટે વેક્સીનેશન માટે સાઈટો પણ વધારવામાં આવશે. જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે સંકળાયેલ હોસ્પિટલોમાં આ વેક્સીનેશન સેન્ટરો ઉભા કરવામાં આવશે.

જિલ્લામાં વેક્સીનેશનના બીજા રાઉન્ડ માટેનો વેક્સીનનો જથ્થો ઘણો બધો આવી ગયો હોવાનું તંત્રના સૂત્રો પાસેથી જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરમાં ૬૦ થી ઉપરની વયના ૩૮ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવશે.

હેલ્થ વર્કર અને ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સમાં ૮૭ ટકાથી વધુને આવરી લેવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે રાજ્યના મુખ્ય સચિવશ્રી દ્વારા આ આયોજન અંગે વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી પરંતુ કેન્દ્ર દ્વારા આ રાઉન્ડને લઈ જે ગાઈડલાઈન આવવાની હતી તેમાં વિલંબ થતાં હવે આજે પુનઃ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવશે.

ઓન ધી સ્પોટ રજીસ્ટ્રેશનનો વિકલ્પ વેક્સીનેશન માટે રાખવામાં આવી શકે છે તેમજ પ્રાયવેટ હોસ્પિટલોમાં વેક્સીનેશનનો ચાર્જ કેટલો રાખવો તે મોડી રાત સુધીમાં આખરી થઈ જશે. જો કે આ ચાર્જ માત્ર સર્વિસ ચાર્જ જ હશે તેવુ પણ સૂત્રોનું કહેવુ છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશન માટેના સેન્ટર નિયત કરવા માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા હેઠળની હોસ્પિટલોના સંચાલકો સાથે પ્રાથમિક વાતચીતો પુરી થઈ ગઈ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. ગાઈડલાઈન મળી ગયા પછી આ બાબતે વધુ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં કોરોનાની વેક્સીનેશનના પ્રથમ રાઉન્ડ દરમ્યાન વેક્સીનની કોઈ મોટી આડ અસરના કેસો નોંધાયા ન હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.



ખુશનુમા સવાર - શહેરમાં ધીમે ધીમે ઉનાળાનું આગમન થતું જાય છે. વહેલી સવારે અને મોડીરાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરેલી હોવાથી નગરજનો ખુશનુમા સવારનો લ્હાવો લેવાની સાથે સાથે મોર્નિંગ વૉકની પણ મજા માણે છે...

# અપહરણ અને બળાત્કારના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

ગાંધીનગર તા ૨૫

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૩૧ ઓગષ્ટ વર્ષ ૨૦૧૫ ના રોજ ઉદ્યોગ ભવન કચેરી સામેના માર્ગ પરથી ૧૫ વર્ષીય કિશોરીને આ કામનો આરોપી લલચાવી ફોસલાવી લઇ ગયો હતો તેણીની સાથે લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઈને અડાલજ શનિ મંદિરની બાજુમાં ૧૩ માળિયાના મકાનમાં લઈ ગયો હતો. જયાં તેર મહીના સુધી રોકાઈને ભોગ બનનાર પર અવારનવાર સંભોગ કર્યો હતો. આ બનાવ સંદર્ભે સે-૭ પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો જયારે આ કેસ ગાંધીનગરની સ્પે, પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જે દલીલો તેમજ પુરવાઓને ધ્યાને લઈ જજ કે એમ સોજીત્રાએ આરોપી કલ્પેશ ઉર્ફે ટીના વાલચંદ પરમારને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૮ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# જિલ્લામાં ૧૧ કેસ નવા નોંધાયા : ૧૦ને ડિસ્ચાર્જ

**ગાંધીનગર તાલુકાના કુડાસણ-રાયસણમાં બે-બે કેસ સહિત પાંચ કેસ નોંધાયા : શહેરમાં સે. ૩ માં ૪ કેસ સહિત સે. ૧૭ અને ૭ માંથી પણ કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં પાંચ કેસ અને શહેરમાં ૬ કેસ નોંધાયા છે. છેલ્લા બે દિવસથી જિલ્લામાં ૧૦ થી વધુ કેસ મળી રહ્યા હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર તાલુકામાં આજે પણ વધુ ૫ કેસ કોરોનાના નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતાઓ વધી છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓ છે. બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા ગામેથી એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો કુડાસણ ગામેથી બે કેસ મળી આવેલ છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત રાયસણ ગામેથી ૬૩ વર્ષીય પુરૂષ અને ૬૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૯૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૩ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૮૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે જેમાં ૩ મહિલા દર્દીઓનો

● અનુસંધાન પાન-૭ પર

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની પ્રેમી-પંખીડા મિલન પતિ-પત્ની ઝઘડા તુટેલા સંબંધ જોડો
વશીકરણ One Side Love Happy Love Life Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર-૨૨, ગાંધીનગર 9909555191

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad Jaquar experience bathing DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com